નવસારી રૂરલ પો.સ્ટે. પાર્ટ એ ગુના. રજી. નં. ૧૧૮૨૨૦૨૧૨૫૨૫૨૩/૨૦૨૫, થી નોધાયેલ બી.એન.એસ.ની કલમ-૩૩૧(૨),૩૩૧(૪),૩૦૫(એ) મુજબ ના ગુનાના કામે **અરજદાર પિનલબેન શીવકુમાર રાઠોડ** નાઓનો મુદ્દામાલ **સોનાના દાગીના તથા રોકડ રકમ** પરત મેળવવાની અરજી લગત હુકમ.

---

**૦૧.** અરજદારની અરજી વંચાણે લીધી તથા રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. અરજદારના વિ.વ.શ્રીને સાંભળ્યા તથા નવસારી રૂરલ પોલીસ સ્ટેશનના પી.આઈ.શ્રી નો લેખિત અભિપ્રાય વંચાણે લીધો.

**૦૨.** અરજદારનો સદર ગુના કામે પોલીસ ધ્વારા કબજે લેવામાં આવેલ મુદ્દામાલ સોનાના દાગીના **(૧) સોનાના ઘરેણાની ઢાળકી જેનું વજન ૨૦.૯૦૦ ગ્રામ ટચ ૭૪.૭૩ જેની કિ.રૂા.૨,૩૪,૨૭૦/- અને (૨) રોકડા રૂપીયા ૨૦,૦૦૦/- (અંકે રૂપીયા વીસ હજાર પુરા)** પરત મેળવવા માટેની અરજી કરેલી છે. અરજદાર જણાવેલ છે કે, તેમના લગ્ન સમયે સોના ચાંદીના ઘરેણા ભેટ આપવામાં આવેલ, જે ઘરેણાનું બીલ હાલ તેમની પાસે નથી, જે ઘરેણા તેઓ પહેરવા માટે ઉપયોગ કરતા આવેલા, જે ઘરેણા કોઈ ચોર ઈસમ ચોરી કરીને લઈ ગયેલ જે અંગેની ફરીયાદ આપેલ. સદર મુદ્દામાલ નો તેઓના અંગત કામમાં ઉપયોગ કરતા આવેલા છે અને સદર મુદ્દામાલ તેઓના નામે ચાલી આવેલ છે અને તેના વિના તેઓને ખુબ આર્થિક નુકશાન થાય તેમ છે. જે પો.સ્ટે.મા પડી રહે તો કોઈ ઉપયોગી નથી અને અરજદારને આપવામાં આવે તો કોઈ નુકશાન થાય તેમ નથી. હાલની ફરિયાદનો નિર્ણય થવામાં સમય જાય તેમ હોય, સદર મુદ્દામાલ અરજદારને પરત સોંપવા વિનંતી કરેલ છે.

**૦૩.** આ કામે ત.ક.અમલદારશ્રીએ રજુ કરેલ લેખિત અભિપ્રાય ધ્યાને લઈએ તો તેઓએ નામદાર કોર્ટ શરતોને આધિન આપવા અભિપ્રાય આપેલ છે.

**૦૪.** વિ.એ.પી.પી.શ્રીએ સદર અરજી લગત કરેલો શેરો વંચાણે લેતાં, તેમાં તેઓએ જણાવેલ છે કે, ફરીયાદ તથા મુદ્દામાલ અરજી તથા આઈ.ઓ.નો અભિપ્રાય તથા મુદ્દામાલ પાવતી, પંચનામુ તથા પુરાવા વંચાણે લેતા સદર મુદ્દામાલ સોનાની ઢાળકી કબજે કરેલ છે તથા સદર ચોરાયેલ દાગીનાનો કોઈ બીલ મુદ્દામાલ પાવતી સાથે રજુ કરેલ નથી તથા આરોપીઓનો કોઈ એન.ઓ.સી. રજુ કરેલ નથી જેથી સદર પુરાવા રજુ કર્યેથી ન્યાયના હિતમા યોગ્ય હુકમ કરવા જણાવેલ છે.

**૦૫.** હવે આ કામે પોલીસ ધ્વારા કરવામાં આવેલ પંચનામું તથા મુદ્દામાલ પાવતી જોતાં સદરહુ મુદ્દામાલ આ કામના આરોપીઓ પાસેથી પોલીસે કબજે લીધેલ છે. હવે પોલીસ ધ્વારા કરવામાં આવેલું પંચનામું, મુદ્દામાલ પાવતી તથા અરજદાર તર્ફે રજૂ કરવામાં આવેલા સદર મુદ્દામાલ પરત્વે એફ.આઈ.આર. ની નકલ, આધાર કાર્ડની નકલ, ફરીયાદી તથા હાલના અરજદારનું મુદ્દામાલનું બીલ ન હોવા બાબતેનું સોગંદનામુ તથા આરોપીઓ તરફે મુદ્દામાલ નો કલેઈમ પુરશીસ ધ્યાને લેતા સદર મુદ્દામાલ અરજદારનો હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે. આ તમામ દસ્તાવેજી પુરાવાઓને વંચાણે લેતાં હાલમાં સદરહુ મુદ્દામાલના એક માત્ર માલિક અને તેના કબજેદાર અરજદાર છે અને તેના બીજા કોઈ કલેમેન્ટ નથી. સદર મુદ્દામાલ અરજદારની રોજબરોજની જરૂરિયાતનું કિંમતી દાગીના છે. તેમજ સદર મુદામાલ પો.સ્ટે.મા પડી રહે તો અરજદારને ખુબ જ મોટું આર્થિક નુકશાન થાય તેમ છે. વધુમાં **૨૦૦૩ (૧), જી.એલ.એચ.પાન નં.૩૦૭, નામદાર સુપ્રિમ કોર્ટ, સુંદર અંબાલાલ દેસાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં ના.સુપ્રિમકોર્ટે** મુદ્દામાલ

પરત આપવા અંગે માર્ગદર્શક સુચના આપેલી છે તેને ધ્યાને લેતાં તેમજ **નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૭(૨), જી.એલ.આર.પાના નં.૧૬૭૫ પરસોતમદાસ હરીભાઈ પટેલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદાને પણ ધ્યાને લેતા મુદ્દામાલ અરજદારને પરત સોંપવા યોગ્ય જણાઈ આવે છે, ત્યારે વચ-ગાળાના તબકકે યોગ્ય શરતોને આધીન અરજદાર ને પરત આપવાનું હું ન્યાયી માનું છું. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરું છું.

**-:: હુકમ ::-**

**૦૧.** અરજદારની હાલની અરજી આથી **મંજૂર** કરવામાં આવે છે.

**૦૨.** અરજદાર **પિનલબેન શીવકુમાર રાઠોડ** નાઓનો નવસારી રૂરલ પો.સ્ટે. પાર્ટ એ ગુના. રજી. નં. ૧૧૮૨૨૦૨૧૨૫૫૨૫૨૩/૨૦૨૫ થી નોધાયેલ બી.એન.એસ.ની કલમ-૩૩૧(૨),૩૩૧(૪),૩૦૫(એ) મુજબના ગુનાના કામે કબજે કરેલ મુદ્દામાલ **(૧) સોનાના ઘરેણાની ઢાળકી જેનું વજન ૨૦.૯૦૦ ગ્રામ ટચ ૭૪.૭૩ જેની કિ.રૂા.૨,૩૪,૨૭૦/- અને (૨) રોકડા રૂપીયા ૨૦,૦૦૦/- (અંકે રૂપીયા વીસ હજાર પુરા)** છે તે મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ કિંમતના **દોઢી રકમની બેંક ગેરેન્ટી રજુ કર્યેથી** નીચેની શરતોને આધીન કેસનો ન્યાયીક નિર્ણય ના થાય ત્યાં સુધી વચગાળાના ધોરણે સોંપી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :-**

**અરજદારે,**

**૦૧.** આ ગુન્હાનું ટ્રાયલ પુર્ણ ન થાય ત્યાં સુધી અરજદારે સદરહુ મુદ્દામાલ ની માલિકી, સ્વરૂપ તથા કબજા સંદર્ભે યથાવત પરીસ્થિતિ જાળવી રાખવી, કોર્ટની પરવાનગી વગર ફેરફાર કરી શકાશે નહી.

**૦૨.** અત્રેની અદાલત અથવા આ ગુન્હાના ત.ક.અમલદાર ન્યાયીક કાર્યવાહી માટે આ મુદ્દામાલ જયારે અને જયાં મંગાવે, અરજદારે સદરહુ મુદ્દામાલ ત્યારે અને જે તે જગ્યાએ યથાવત પરીસ્થીતીમાં અચુક પણે રજુ કરવું

**૦૪.** અરજદારે સદરહુ મુદ્દામાલની વચગાળાની કસ્ટડીનો કોઈપણ રીતે દુરઉપયોગ કરવો કરાવવો નહી.

**૦૫.** ઉપરોકત શરતો પૈકી કોઈ પણ શરતનો ભંગ થયેથી સદરહુ મુદ્દામાલ ફરી વખત સીઝ કરવા પાત્ર બનશે.

**આ હુકમની યાદી સબંધિત પોલીસ સ્ટેશનને કરવી.**

હુકમ આજ રોજ **તા.૩૦મી, માહે–માર્ચ સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૩૦/૦૩/૨૦૨૬
નવસારી.

**સહી/–**
**(બી. કે. શાહ)**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
નવસારી. જીજે. ૦૧૪૭૭